Received on : 02-03-2026
Registered on : 02-03-2026
Decided on : 11-03-2026
Duration : Y M D
- - 09

**જુનાગઢના મે. પાંચમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ. જુનાગઢ.**

**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૧૬૩/૨૦૨૬.</u>**

**આંક– ૦૬**

અલ્પેશ હિંમતલાલ બારીયા(પરમાર)
ઉ.વ.આ. ૨૪, ધર્મે–હિન્દુ, ધંધો–મજુરી,
રહે. વેલકોતર, તા. ઘોઘંબા, જી. પંચમહાલ,
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ....**અરજદાર/આરોપી**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

(૧) શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

(૨) રામસીંગભાઈ મનસુખભાઈ ડામોર,
રહે હાલ : બાદલપુર ગામની સીમ
જેન્તીભાઈ ડોબરીયાની વાડીએ,
તા. જી. જૂનાગઢ.
મુળ રહે. વેલકોતર, તા. ઘોઘંબા, જી. પંચમહાલ, ......**સામાવાળા**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૮૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબ.

**સંદર્ભ:–** બીલખા પો. સ્ટે. ગુ. રજી.
નં. ૧૧૨૦૩૦૦૮૨૫૦૦૭૧/૨૦૨૫.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી એન.બી.શુકલા.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહીત.

---

**-: હુકમ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે બીલખા પો. સ્ટે. ગુ. રજી.નં. ૧૧૨૦૩૦૦૮૨૫૦૦૭૧/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૮૭ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબના ગુનાને કામે હાલના અરજદાર /આરોપી તા.૦૬-૦૫-૨૦૨૫ થી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્ધાન જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીત હાજર થયેલા. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક-૦૫ થી રજુ કરેલ છે.

**(૨)** અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્ધાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આંક-૦૫ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે, ગુન્હામાં કાંઈ જાણતા નથી, અરજદાર/આરોપી વિરૂધ્ધનો ચાર્જ મુજબનો કોઈ ગુન્હો કરેલ ન હોવા છતાં ખોટી રીતે ફાસવી દીધેલ છે અને ફરીયાદી આઠ દિવસના વિલંબથી કરેલ છે જેનો કોઈ ખુલાસો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. વધુમાં રજુઆત છે કે,

એફ.આઈ.આર. જોતા અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કોઈ ગુન્હાના તત્વો ફલીત થતા નથી કે અરજદારને સાંકળી શકાય તેવો કોઈ ભરોસાપાત્ર પ્રાઈમાફેસી પુરાવો નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ પોકસો કેસ નં. ૧૫/૨૫ થી પેન્ડીંગ છે. વધુમાં અરજદાર/ આરોપી જણાવેલ સરનામે રહે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેમ નથી તે તમામ હકીકતે તેમજ બેલ એ નિયમ અને જેલ એ અપવાદ તથા નામદાર સુપ્રિમકોર્ટના સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ., નામદાર ગુજરાત હાઈકોર્ટના નિકુંજભાઈ જયંતિભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા દિલીપભાઈ રામજીભાઈ ગજજર વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા  નામદાર સર્વોચ્ચઅદાલતનુ સિધ્ધરામ સંતલીંગપ્પા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર તથા રાકેશ પ્રહલાદરામજોષી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ઘ્યાને લઈ યોગ્ય રકમના જામીન અને શરતોને આધિન અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર ઉમર ૧૨ વર્ષ, ૧૧ માસ અને ૧૯ દિવસવાળીને ફરીયાદીના કાયદેસરના વાલીપણાંમાથી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ ભોગબનનારની મરજી વિરૂધ્ધ વારંવાર દુષ્કર્મ/બળાત્કાર કરી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ અગાઉ કરેલ જામીન અરજી નાંમજુર કરવામાં આવેલ હતી. વધુમાં અરજદાર/આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો અરજદાર/આરોપી તથા ફરીયાદી અને ભોગબનનાર એક જ ગામના હોય તેઓને ધાક–ધમકી, લાલચ પ્રલોભન આપી યેનકેન પ્રકારે ફોડવા પ્રયત્નો કરી કેસના પુરાવાને નુકશાન

કરશે જે તમામ હકીકતે અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૮૭ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી સામે ઉકત જણાવેલ ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ તા. ૦૬/૦૫/૨૫ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આમ, હાલની અરજી અરજદાર /આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૪ની કલમ ૪૮૩ નીચે અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

**(૫.૨)** જામીન અરજી લગત નિર્ણય કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાના માપદંડ શું હોવા જોઈએ તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટએ Ajwar and Others V/S Waseem and Another (2024 (0) AIJEL-SC 73697) ના ચુકાદામાં પારા ૨૬માં ઠરાવેલ છે તે આ તબકકે જોવાનું હું ઉચીત માનું છું. જે જોઈએ તો,

26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal

antecedents of the accused, the probability of tampering of the witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail.

**(પ.૩)** નામદાર સુપ્રીમ કોર્ટના ઉકત ચુકાદાના પરીમાણોને હાલના કેસમાં લાગુ કરતા અને બંને પક્ષોના વિ. વ. શ્રીઓની રજુઆતો અને કેસ પેપર્સ વંચાણે લેતા, આક્ષેપીત ગુનાના કામે આરોપી સામે ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૯ દિવસવાળીને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભોગબનનાર સાથે અવારનવાર શરીરસબંધ બાંધેલાનો આક્ષેપ છે. વધુમાં અરજદાર/આરોપી સામે સગીર બાળક સામે ઉગ્ર જાતીય હુમલો, ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો, જાતીય હુમલો અને જાતીય સતામણીના આજીવનકેદને શીક્ષાપાત્ર ગંભીર આક્ષેપ વાળા ગુનાનું તહોમત છે. જામીન મંજુર કરતી અદાલતે તેમને મળેલ વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે નહી કે સામાન્ય રીતે તેવું નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Kalyan Chandra Sarkar vs. Rajesh Ranjan @ Pappu Yadav and Anr., (2004 (7) SCC 528) માં ઠરાવવામાં આવેલ છે. વળી નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Jameel Ahmad vs. Mohammed Umair Mohammed Haroon & Anr. (2022 LiveLaw (SC) 222) માં ઠરાવવામાં આવેલ છે કે, જામીનનો હુકમ અદાલતની વીવેકબુધ્ધિને આધીન છે અને તે હુકમ વીવેકપુર્ણ રીતે અને ચોકકસ સ્થાયી પરીમાણોનો ઉપયોગ કરીને અદાલતે કરવો જોઈએ. ગુનો જેટલો ગંભીર હોય જામીન નકારવાની શકયતા તેટલી વધુ હોય છે. જો

કે આ કવાયત દરેક કેસના વાસ્તવીક હકીકતો ધ્યાને લઈ થવી જોઈએ. અદાલતે અન્ય બાબતો સાથે આરોપીએ ગુનો કર્યો છે કે કેમ અને ગુનાની ગંભીરતા અને આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના વીગેરે દ્રષ્ટિકોણ ધ્યાને લેવા જોઈએ. જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન બને છે અને પ્રથમ દ્રષ્ટિએ આ વિશ્લેષણ રેકર્ડ આધારે કરવામાં આવે છે અને નીર્ણાયક નીષ્કર્ષ માટે અદાલતે રેકર્ડ પરના પુરાવાઓની વીગતવાર તપાસ કરી ગુંચવાવું ન જોઈએ તેમ ઠરાવેલ છે. આ કામે ફરીયાદપક્ષની રજુઆત અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવાનું હાલના કેસમાં ચાર્જશીટ થયા બાદ પણ ન્યાયોચીત જણાતું નથી. કારણ કે હાલના કામે આરોપી સામે સ્ત્રી અત્યાચારના ગંભીર પ્રકારના આજીવનકેદને શીક્ષાપાત્ર ગંભીર આક્ષેપ વાળો ગુનો કરેલાનું પ્રથમદર્શનીય તહોમત જણાય છે. વધુમાં જામીન અરજી જે તે કેસના મેરીટસ આધારે જોવાની હોય, અને અલગ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ ચોકકસ અવલોકનો આધારે તે નીર્ણીત કરી શકાય નહી પરંતુ અદાલતે વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી નીર્ણીત કરવી જોઈએ. જેથી હાલના કેસના સંજોગો જોતા આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના જણાય છે. વળી, જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન જોતા આ કામે આરોપીઓ સામે સ્ત્રી અત્યાચાર સબબના ગુનાનો આક્ષેપ હોય, આ પ્રકારના ગુનાઓ હાલના સમયમાં ખુબ જ મોટા પ્રમાણમાં વધેલ હોય, જનમાનસમાં તેની

વીપરીત અસર થતી હોય પ્રથમ દ્રષ્ટિએ આ રેકર્ડ આધારે વિશ્લેષણ કરવામાં આવતા આરોપીને જામીન ઉપર મુકત યોગ્ય જણાતું નથી. વળી, જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી ફરીયાદપક્ષે વ્યકત કરેલ દહેશત બનાવનું સ્વરૂપ જોતા નકારી શકાય તેમ નથી. તે તમામ હકીકતો અને સંજોગો તથા બનાવનું સ્વરૂપ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતું ન હોય, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

-// હુકમ //-

હાલના અરજદાર/આરોપી અલ્પેશસિંહ હિંમતસિંહ પરમાર, હાલ જીલ્લા જેલ, જુનાગઢવાળાએ જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૩/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ- જુનાગઢ

તારીખ- ૧૧/૦૩/૨૦૨૬

(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)

પાંચમા એડીશનલ સેશન્સ જજ,

જુનાગઢ.

(જજ કોડ- GJ01005).